# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૬-B તા.૮-૩-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- બી.એલ.ઓ. કામગીરીની વળતર રજા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે વર્ષ - ૨૦૧૭-૧૮માં બી.એલ.ઓ.ની કામગીરી જે શિક્ષકશ્રીઓએ રવિવાર કે અન્ય રજાના દિવસે મહેનતાણું લીધા સિવાય કરી હોય તેઓને સરકારશ્રીના નિયમ મુજબ રજાઓ મળવાપાત્ર છે. પરંતુ આ અંગે રજા ભોગવવા અંગેની જાણ જે-તે શાળાઓમાં ન થતાં આવી કામગીરી કરનાર શિક્ષકશ્રીઓ મળવાપાત્ર રજા ભોગવી શકેલ નથી. આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે તા.૩૦-૯-૧૮ સુધીમાં નીચેની શરતોએ રજા ભોગવવાની રહેશે.

શરતો :-

૧. તા.૯-૩-૧૮ થી જૂન-૨૦૧૯ દરમ્યાન આવી રજાઓ આવશ્યક સંજોગોમાં ભોગવવા માંગતા શિક્ષકશ્રીઓએ મુખ્ય શિક્ષકશ્રીઓની પરવાનગી મેળવી આ રજાઓ ભોગવી શકશે.

૨. જુલાઈ-૨૦૧૮થી સપ્ટેમ્બર-૨૦૧૮ સુધી આવી રજાઓ જે-તે શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓએ મતદાર નોંધણી અધિકારીશ્રી અને દાખલાને આધારે ખાતરી થયેથી જે-તે શાળામાં શૈક્ષણિક કાર્યને બાધ ન આવે અને કોઈ શાળાના ૫૦% થી વધારે સ્ટાફ આવી રજાઓ મંજૂર કરતા પહેલાં જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીની પરવાનગી અને ઝોનની કચેરીની જાણકારી હેઠળ મંજૂર કરવી.

૩. સી.એલ. કે અન્ય પરચૂરણ રજાઓમાં પણ શાળાના શૈક્ષણિક કાર્યને બાધ ન આવે તે રીતે એક સામટા એટલે કે ૫૦% થી વધુ ન ભોગવે તે અંગેની તકેદારી રાખવા મુખ્ય શિક્ષકશ્રીને જણાવવામાં આવે છે.

તા.૮-૩-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી